ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૦૦૩
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૧૧/03/૨૦૨૦

## // પરિપત્ર //

**વિષયઃ-** **હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની નીતિ બાબત.**

**સંદર્ભઃ-** (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૨૧, તા.૧૬/૦૨/૨૦૧૬.
(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૯૬, તા.૧૦/૦૭/૨૦૧૭.
(3) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૦૨, તા.૦૧/૦૧/૨૦૧૯.

નિગમની જુદી-જુદી ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગકારો તરફથી હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની (કોમન વોલ) માંગણી કરવામાં આવતી હોય છે. સદર બાબત અન્વયે હાલમાં સંદર્ભદર્શિત પરિપત્રોથી નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. લગત પ્લોટની ફાળવણી વખતે વસૂલવામાં આવતાં લગત ચાર્જ બાબતની નીતિની પુનઃ સમીક્ષાની બાબત નિગમની વિચારણા હેઠળ હતી. જે અન્વયે તા.૨૫/૦૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ નિગમની ૫૦૬ મી સભા સમક્ષ કાર્યસૂચિ રજૂ કરવામાં આવેલ હતી. જે અન્વયે નિગમ ધ્વારા ઠરાવ ક્રમાંકઃ ૧૨/પ્રિ-વિતરણ/૫૦૬, તા.૨૫/૦૨/૨૦૨૦ થી સંદર્ભ હેઠળના પરિપત્રોથી અમલમાં આવેલ નીતિ અને અન્ય તમામ નીતિ વિષયક બાબતો યથાવત્ રાખી નીચે જણાવેલ બાબતોનો સમાવેશ કરવા નિર્ણય કરવામાં આવ્યો.

(૧) પૂર્ણ વિકસિત વસાહત ખાતે ઔદ્યોગિક લગત પ્લોટ/શેડની ફાળવણી માટે છેલ્લા ૦૨ નાણાંકીય વર્ષમાં થયેલ છેલ્લી જાહેર હરાજી દરમ્યાન ઔદ્યોગિક પ્લોટ/શેડની ઉપજેલ મહત્તમ કિંમતને લગત પ્લોટ/શેડના ફાળવણીદર તરીકે ગણવાનો રહેશે અથવા પ્રવર્તમાન ફાળવણીદર + ૫૦% પ્રમાણે આવતી રકમ આમ ઉપરોકત બે રકમ પૈકી જે રકમ મહત્તમ હોય તેને લગત પ્લોટ/શેડના ફાળવણીદર તરીકે ગણવાનો રહેશે.

(૨) અપૂર્ણ વિકસિત વસાહતમાં પ્રથમ વખત લગત તરીકે ઉદ્યોગકારના પ્લોટ/શેડને અડીને આવેલ ઉપલબ્ધ પ્લોટ/શેડની લગત તરીકે ફાળવણી કરવામાં આવે તો તે સંજોગોમાં લગત પ્લોટ/શેડની ફાળવણી માટે ૨૦% વધારાની રકમ પ્રીમિયમ તરીકે (પ્રવર્તમાન વિતરણ દર લેખે) પ્રવર્તમાન વિતરણ દર ઉપરાંત વસૂલ લેવાની રહેશે જયારે નિગમના તા.૧૬/૦૨/૨૦૧૬ના પરિપત્ર અગાઉ લગત પ્લોટ તરીકે પ્લોટ/શેડની ફાળવણી થયેલ હોય

અને તા.૧૬/૦૨/૨૦૧૬ના પરિપત્ર પ્રમાણે ફરી એકવાર લગત પ્લોટ મેળવવા માટે પાત્રતા ધરાવતા હોય તો તેવા કિસ્સામાં ૪૦% વધારાની રકમ પ્રીમિયમ તરીકે (પ્રવર્તમાન વિતરણ દર લેખે) પ્રવર્તમાન વિતરણ દર ઉપરાંત વસૂલ લેવાની રહેશે.

સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખથી અમલમાં આવશે.

ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પ્રિ-વિતરણ)ને પાઠવવી.

સહી/-
**(એમ. થેન્નારસન)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાના:-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું
મેનેજર (મહેકમ)
જીઆઇડીસી, ગાંધીનગર.